सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઇલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૬ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૧/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર :– નગીનભાઇ હિરાભાઇ વસાવા,**
રહે. પીપલીયા, તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી વી. એસ. વસાવા
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૬૦૦૯૮/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/આરોપી તરફે **આંક–૦૩ તથા આંક–૦૭** થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તથા ત.ક.અધિકારીશ્રીએ **આંક–૦૬** થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, અરજદાર/આરોપીને તા. ૦૨/૦૩/૨૦૨૬ નાં રોજ અટક કરી નામ. નીચેની કોર્ટમાં રજુ કરતા અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ, ત્યારથી અરજદાર/આરોપી જયુડી. કસ્ટડીમાં છે, જેથી હાલની જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં દલીલ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કોઇ પ્રથમદર્શનીય કેસ નથી અને આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અરજદાર/આરોપીએ ભુતકાળમાં કોઇ ગુનો કરેલ નથી કે કોઇ રીઢા ગુનેગાર નથી કે કોઇ ગુનામાં સજા કે દંડ થયેલ નથી. હાલનાં ગુનામાં આરોપીની શંકાનાં આધારે ધરપકડ કરેલ છે, જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, અરજદાર/આરોપીનાં કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી ઉપર છે, આરોપી નાસી ભાગી જાય તેવા ઇસમ નથી અને નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે અને ફરીયાદપક્ષનાં સાહેદોને ધમકી નહી આપે તેની ખાત્રી આપે છે, જેથી આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં કામની એફ.આઇ.આર.ની કોલમ નં. ૧૨ નાં પેરા નં. ૨ માં ત્રીજીલીટીમાં જોવામાં આવે તો, બનાવ તા. ૨૪/૦૨/૨૦૨૬ દર્શાવેલ છે અને રાત્રીનાં ૮:૦૦ વાગ્યે જુના ફળીયામાં આવેલ મહંમદભાઇની દુકાન પાસે બનેલાનું દર્શાવેલ છે તે હકીકત ખોટી છે અને એફ.આઇ.આર. જોવામાં આવે તો, એફ.આઇ.આર. તા. ૨૬/૦૨/૨૦૨૬ નાં રોજની છે અને બનાવ તા. ૨૪/૦૨/૨૦૨૬ નાં

રોજ બનેલો તે દિવસે સમાજનાં આગેવાનો અને વડીલો વચ્ચે પડતા બન્ને પક્ષે સમાધાન થઇ જતા બનાવનાં સમયે ફરીયાદીએ કોઇ ફરીયાદ કરેલ નથી, તેવી હકીકત ફરીયાદીએ જણાવેલ છે, પરંતુ આરોપીઓ અને ફરીયાદી વચ્ચે ગામનાં સ્મશાનનાં ચાર સમાજનાં ભાગલા માટે તકરારો ચાલતી હતી અને આરોપીએ ફરીયાદીનાં પુત્ર સામે સુરેશભાઇ સોમા રાઠોડ તથા અન્ય ઇસમો સામે તથા સુરેશ વજેસંગ ઉર્ફે વજા સામે પો.સ્ટે.માં અરજીઓ આપેલી તેની રીષ રાખીને આરોપીઓને હાલનાં ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલા છે, જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, સદર તકરારનું મૂખ્ય કારણ સ્મશાનનાં ભાગલા પાડવાની છે અને તે સંબંધે મે. કલેકટર સાહેબ, ભરૂચને અન્ય લાગતા-વળગતા અધિકારીઓ સમક્ષ પણ અરજીઓ કરેલ છે તેમજ એફ.આઇ.આર. જોતા ફરીયાદીને એસ.એસ.જી. હોસ્પી. વડોદરામાં ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવેલ છે, પરંતુ કંઇ તારીખે, કયાં વારે અને કયાં સમયે સારવાર હેઠળ દાખલ કરેલ છે તે જણાવેલ નથી અને ફરીયાદી હોસ્પી.માંથી રજા લઇ પોતાનાં ગામે ચાલ્યા આવેલા તેવું સ્થાનીક લોકો દ્વારા જાણવા મળેલ એન ૩ થી ૪ દિવસ સુધી ગામમાં રોકાયેલા હોવા છતા તે બાબતનો કોઇ ઉલ્લેખ એફ.આઇ.આર.માં જણાવેલ નથી, જેથી પણ આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ હોય જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, ફરીયાદી પહેલેથી જ પથરી અને બ્લડપ્રેશરનાં રોગી હતા અને બિમાર રહેતા હતા, જે ગામનાં સ્થાનીક લોકોથી જાણવા મળેલ છે અને આરોપી પણ ગામનાં જ રહીશ હોય આરોપીને પણ બિમારી અંગે જાણ હતી અને બનાવનાં દિવસે કોઇ ઝઘડો થયેલ જ ન હતો, પરંતુ ફરીયાદી કુદરતી રીતે તા. ૦૨/૦૩/૨૦૨૬ નાં રોજ મરણ પામેલ છે તેમ છતા આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ હોય, જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં દલીલ છે કે, તા. ૨૭/૦૨/૨૦૨૬ નાં રોજ વાગરા પો.સ્ટે.માં આરોપીનાં ભાઇનાં દિકરા બિપીનભાઇએ અરજી કરેલ છે

અને તા. ૨૮/૦૨/૨૦૨૬ નાં રોજ અરજદાર/આરોપીએ ડી.એસ.પી. સાહેબ, ભરૂચને અરજી કરેલ હતી અને તેમાં પણ આરોપીએ જણાવેલ છે કે, તેઓને ખોટા કેસમાં સંડોવી દીધેલ છે, આરોપી ભરૂચ જિલ્લાનાં સ્થાનીક રહેવાસી છે અને ટ્રાયલ દરમ્યાન હાજર રહેવાની ખાત્રી આપે છે, જેથી આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની આઇ.ઓ.નાં **આંક–૦૬** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, હાલનાં અરજદાર/આરોપી નગીનભાઈ હિરાભાઈ તથા અન્ય સહ–આરોપીઓ વિનોદભાઈ રમેશભાઈ તથા બિપીનભાઈ રમેશભાઈનાઓએ પીપળીયા ગામે જુના ફળીયામાં આવેલ મહમદભાઈની દુકાન પાસે ફરીયાદીનાં પૌત્ર જગદિશભાઈને ગમેતેમ ગાળો બોલી ઝઘડો કરી બે તમાચા મારી દીધેલ તે વખતે ફરીયાદી સોમજીભાઈનાઓ કહેવા જતા હાલનાં અરજદાર/આરોપી નગીનભાઈએ ફરીયાદીને છાતીનાં ભાગે લાકડાનો સપાટો મારી મુંઢ ઈજા પહોંચાડી તથા સહ–આરોપી વિનોદભાઈએ ફરીયાદીને પીઠનાં ભાગે લાકડાનો સપાટો મારી મુંઢ ઈજા પહોંચાડી તથા સહ–આરોપી બિપીનભાઈએ ફરીયાદીને કમરથી નીચે પેડુનાં ભાગે લોખંડની પાઈપ મારી મુંઢ ઈજા પહોંચાડી ગુનો આચરેલ, જે ફરીયાદી સારવાર દરમ્યાન તા. ૦૨/૦૩/૨૦૨૬ નાં રોજ મરણ ગયેલ છે તેમજ સહ–આરોપી બિપીનભાઈએ સાહેદ સુરેશભાઈ રાઠોડને લોખંડની પાઈપ ડાબા હાથનાં ખભાનાં ભાગે મારી ઈજા પહોંચાડેલ હોવાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદો આરોપીનાં જ ગામનાં હોય તેઓને ધાકધમકી તથા પ્રલોભન આપી સાહેદોને ડરાવી ધમકાવી તોડી ફોડી શકે તે વાત નકારી શકાય તેમ નથી તેમજ ગુનો ગંભીર પ્રકારનો છે અને હાલમાં તપાસ ચાલુ છે, જેથી આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો તપાસને ક્ષતી પહોંચે તેવી શકયતા રહેલી છે. વધુમાં રજુઆત છે કે, આરોપીઓ ઝઘડાળુ અને ઝનુની સ્વભાવનાં છે અને

આરોપી તથા ફરીયાદપક્ષ બન્ને એક જ ગામમાં આજુબાજુનાં ફળીયામાં રહેતા હોય અને આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો આચરી ફરીયાદીનું મોત નિપજાવેલ હોય જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરીવાર બન્ને પક્ષોએ લડાઇ–ઝઘડો થવાની પુરેપુરી શકયતાઓ રહેલી છે તેમજ આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જવાની શકયતા રહેલી છે અને ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે કે કેમ ? તેવી ખાત્રી જણાતી નથી, જેથી જામીન મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ અગાઉ પણ ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪ મુજબનાં મારામારીનાં બે ગુનાઓ નોંધાયેલ છે, જેથી આરોપી ગુનાહિત માનસીકતા ધરાવતા હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે અને હાલનો ગંભીર પ્રકારનો ખૂનનો ગુનો આચરેલ છે, જેથી આવા આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો તેમની આવી માનસીકતાને વેગ મળી રહે તેમ છે અને ફરીવાર આવા પ્રકારનો ગુનો કરે/કરાવે તેવી શકયતાઓ રહેલી છે, જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકતો જોતા, બનાવનાં દિવસે આરોપીઓ જુના ફળીયામાં આવેલ મહંમદભાઇની દુકાન પાસે ફરીયાદીનાં પૌત્ર જગદિશભાઇ રાઠોડને ગાળો બોલી ઝઘડો કરી બે તમાચા મારી દીધેલ તે વખતે ફરીયાદી તેઓને કહેવા જતા હાલનાં અરજદાર/આરોપી નગીનભાઇ વસાવાનાઓએ ફરીયાદીને છાતીનાં ભાગે લાકડાનો સપાટો મારી ઇજા પહોંચાડી તથા સહ–આરોપી વિનોદભાઇ વસાવાએ ફરીયાદીને પીઠનાં ભાગે લાકડાનો સપાટો મારી ઇજા પહોંચાડી તેમજ સહ–આરોપી બિપીનભાઇ વસાવાએ ફરીયાદીને કમરથી નીચે પેઢુનાં ભાગે લોખંડની પાઇપ મારી ઇજા પહોંચાડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા અંગેની એફ.આઇ.આર. નોંધવામાં આવેલી. વધુમાં પોલીસ પેપર્સ

જોતા, ત્યારબાદ ફરીયાદી તા. ૦૨/૦૩/૨૦૨૬ નાં રોજ મરણ ગયેલા છે અને બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧) નો ઉમેરો કરવામાં આવેલ છે તેમ સ્પષ્ટ થાય છે. આમ, ઈજા પામનાર ફરીયાદીનું આ ગુનામાં સારવાર દરમ્યાન મરણ નિપજેલ છે અને તે અંગેની પી.એમ. નોટ તપાસનાં કામે મેળવેલ છે. વધુમાં આ કામે ફરીયાદી ૬૦ વર્ષની ઉંમરનાં છે અને આરોપી તરફેની જામીન અરજીની રજુઆત મુજબ ફરીયાદી બ્લડપ્રેશર અને પથરીનાં રોગી હતા અને બિમાર રહેતા હતા તેવી જાણકારી આરોપીને હતી. આમ, ફરીયાદી બિમાર તથા વૃધ્ધ ઉંમરનાં હોવાની હકીકતની જાણ આરોપીને હતી અને તેમ છતા હાલનાં અરજદાર/આરોપીએ ફરીયાદીને લાકડાનો સપાટો છાતીનાં ભાગે મારી મુંઢ ઈજા પહોંચાડેલ છે અને સારવાર દરમ્યાન ફરીયાદીનું મૃત્યુ નિપજેલુ છે ત્યારે ગુનામાં આરોપીનો રોલ જોતા, આરોપીએ મરણજનાર ફરીયાદીને છાતીનાં ભાગે એટલે કે શરીરનાં વાઇટલ પાર્ટ ઉપર ઈજા પહોંચાડેલ હોય અને જેનાં કારણે તેમનું મરણ નિપજેલ હોય આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય ખૂન જેવા ગંભીર પ્રકારનાં ગુનામાં આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૬) વધુમાં આ કામે પોલીસ પેપર્સ જોતા, પોલીસે બનાવ નજરે જોનાર સાહેદોનાં નિવેદનો લીધેલા છે અને તેમનાં નિવેદનો મુજબ પણ હાલનાં અરજદાર/આરોપીએ લાકડાનો સપાટો ફરીયાદીને સોમાભાઇને મારેલો છે તેવી હકીકતો જણાવેલી છે. ત્યારે આ કામે બનાવ નજરે જોનાર સાહેદો છે.

(૭) વધુમાં આરોપી તરફેની રજુઆતો જોતા, ફરીયાદી તથા આરોપી વચ્ચે બનાવ બાદ સમાજનાં આગેવાનો વચ્ચે પડતા સમાધાન થઇ જતા ફરીયાદીએ કોઇ ફરીયાદ કરેલ નથી, પરંતુ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે ગામનાં સ્મશાનનાં ચાર સમાજનાં ભાગલા માટે તકરારો ચાલતી હતી અને આરોપીએ ફરીયાદીનાં પુત્ર તથા અન્ય

સામે પો.સ્ટે.માં અરજી આપેલી તેની રીષ રાખી આરોપીઓને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે, જેથી જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે અને તેનાં સમર્થનમાં આંક–૦૩ નાં લીસ્ટથી ફરીયાદીનાં પુત્ર સામે આપેલ ફરીયાદની નકલ તથા પોલીસે કાર્યવાહી ન કરતા ડી.એસ.પી., ભરૂચને આપેલ અરજીની નકલ વિગેરે રજુ કરેલ છે. આ હકીકતો જોતા, મરણજનાર ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સ્મશાનની જગ્યા બાબતે તકરારો ચાલી આવતી હોય અને તે અંગે આરોપીએ ફરીયાદીનાં પુત્ર સામે પો.સ્ટે.માં અરજીઓ કરેલ હોય તે હકીકતો રેકર્ડ ઉપર આવે છે, પરંતુ આ હકીકતો તે પુરાવાનો વિષય છે, તે સંજોગોમાં હાલ જામીન અરજીનાં તબકકે આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવેલા છે તેવું માની શકાય નહી, તે સંજોગોમાં આરોપી તરફેની ઉપરોકત દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૮) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કરી તે મુજબ ગુનાનાં કામે આરોપીનો રોલ જોતા, હાલનાં અરજદાર/આરોપીએ મરણજનારને લાકડાનો સપાટો છાતીનાં ભાગે મારેલો હોય તેમજ પોલીસે બનાવ નજરે જોનાર સાહેદોનાં નિવેદનો મેળવેલ છે તે સંજોગોમાં આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે તેમજ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તથા હાલ ગુનાની તપાસ ચાલુ હોય, તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપી **નગીનભાઈ હિરાભાઈ વસાવા,** રહે. પીપલીયા, તા. વાગરા, જિ. ભરૂચનાઓની વાગરા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૬૦૦૯૮/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫) તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી **<u>નામંજુર</u>** કરવામાં આવે છે.

(૨) આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC